# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૭/૯/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે ચેમ્બર અને સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજિત મેગા રસીકરણ કેમ્પમાં ૩૮૪ લોકોને વેકસીન આપવામાં આવી

### ભારત સરકારના કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ટેકસટાઇલ્સ, કન્ઝયુમર અફેર્સ અને ફૂડ એન્ડ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન મંત્રી પીયુષ ગોયલ તથા દેશના ટેકસટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશ તેમજ ટેકસટાઇલ કમિશનર રૂપ રાશીએ મેગા રસીકરણ કેમ્પની મુલાકાત લીધી હતી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧મા જન્મદિન નિમિત્તે સરસાણા સ્થિત સુરત ઇન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે શુક્રવાર, તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સવારે ૦૭:૦૦ થી સાંજે ૦૪:૦૦ કલાક સુધી મેગા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેગા રસીકરણ કેમ્પમાં કોવિશિલ્ડ રસીના ડોઝ મુકવામાં આવ્યા હતા. દિવસ દરમ્યાન કુલ ૩૮૪ લોકોને વેકસીન આપવામાં આવી હતી.

અત્રે નોંધનીય છે કે, ભારત સરકારના કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ટેકસટાઇલ્સ, કન્ઝયુમર અફેર્સ અને ફૂડ એન્ડ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશન મંત્રી પીયુષ ગોયલ તથા દેશના ટેકસટાઇલ અને રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશ તેમજ ટેકસટાઇલ કમિશનર રૂપ રાશીએ મેગા રસીકરણ કેમ્પની મુલાકાત લીધી હતી.